**<u>આંક–૧ લગત હુકમ</u>**

– સદર કામે હાલની દરખાસ્ત દાખલ થયા બાદ સામાવાળાને નોટીસ બજેલ છે અને તેઓએ હાજર રહી વાંધા માટે મુદત માંગેલ અને ત્યારબાદ કોઇ વાંધા રજૂ નહી કરતાં આંક–૮ ની અરજી દ્વારા જંગમ મિલકતનું વોરંટ ઇશ્યુ કરવા અરજદારે અરજી આપેલ જે ન્યાના હીતમાં મંજૂર કરવામાં આવેલ અને ત્યારબાદ જંગમ મિલકતનું જપ્તીનું વોરંટ ઇશ્યુ કરવામાં આવેલ તે બજવણી અંગે બેલીફશ્રીના શેરા મુજબ "અરજદાર તથા અરજદારના વકીલશ્રીને જાણ કરવામાં આવી અને અરજદારને પ્રસૂતિ હોઇ અરજદાર હાજર રહી શકતાં નથી અને સદર જંગમ વોરંટમાં અરજદારની હાજરીની જરૂર હોઇ અરજદાર કે તેમના વિ.વકીલશ્રી હાજર રહેતાં નથી. અરજદાર હાજર ન રહી શકવાના કારણે સદર જંગમ વોરંટની બજવણી થઇ શકેલ નથી." આમ, સદર જંગમ વોરંટ ઇશ્યુ કરાયા બાદ અરજદાર કે તેના વિ.વકીલશ્રી હાજર રહેતાં નથી. તેથી અરજદારને આ વોરંટ બજવણીમાં રસ ન હોય તેમ જણાય છે. તેથી અરજદારની નિરસતાના કારણે હાલની દરખાસ્ત લગત ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

– :: **<u>હુકમ</u>** :: –

– હાલની દરખાસ્ત ગુણદોષમાં ઉતર્યા વગર ફેંસલ કરવામાં આવે છે.

– જો સમયમર્યાદા રહે તો અરજદાર બીજી દરખાસ્ત દાખલ કરી શકશે તેવી ન્યાયના હીતમાં પરવાનગી આપવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૦મી, માહે માર્ચ, સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ.૨૦–૦૩–૨૦૨૬ (મહંમદઇરફાન અબ્દુલરઝાકભાઇ શેખ)
પાટણ એમ.એ.સી.ટી.(ઓકઝી)
પાટણ.
જજ કોડ નં.જીજે ૦૦૮૯૨

ARP